શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન • જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • અંક : ૧૩ • સળંગ અંક : ૧૧૬ • તા.૨૯ ઓગસ્ટ થી ૦૪ સપ્ટેમ્બર ૨૦૨૦

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# કચ્છ પંથકમાં મેઘરાજાની મહેર

## પાંચ કલાકમાં ૧૦ ઈંચ વરસાદ







ચારેકોર જળ બંબાકાર




અતિ વૃષ્ટીની આગાહી







## અબડાસામાં તા.૨૯ ઓગસ્ટ સુધી ૩૦ ઈંચ વરસાદ


SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તિલોકચંદ નરશી દંડ

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# જે જ્ઞાન આપે એ ગુરુ

દરેક વ્યક્તિના જીવનમાં ગુરુ મહત્વનો ભાગ ભજવે છે. જન્મ વખતથી અમુક ઉંમર સુધી અભાન-અસમજણ અવસ્થા હોય છે. મન-બુધ્ધિનો વિકાસ ન થયું હોય એટલે અન્ય આધારીત આ સમયગાળો હોય છે. દરેક જણના જીવનમાં ત્રણ ગુરુ હોય છે. એક મા, બીજા પિતા અને ત્રીજા શિક્ષણ, વિદ્યા દાન આપી શિક્ષિત કરનાર શિક્ષક. બાળપણ અવસ્થામાં મગજ શક્તિ ખીલે એટલે સમજણની બારી ખૂલતી જાય છે. સમજણ રૂપી સીડી અને સંસ્કારોની શિખામણ દ્વારા ચરિત્રનું ઘડતર ઘડાય છે. માતા અભાન, અજ્ઞાન સ્થિતિથી કુંભાર જેમ ઘાટ ઘડીને માવજતથી માટીના પીંડમાંથી માટીનું પાત્ર સર્જે છે. એમ માતા સંતાનનું ઘડતર કરે છે. પ્રાથમિક સમજ, જ્ઞાન અને સલાહ સૂચન આપી જીવન વ્યવહારની સમજણ પૂરી પાડે છે.

પિતા ડગમગ ચાલતા સંતાનની આંગળી પકડી એને દોડતો કરે છે. વહેવારની કેળવણી તેના આત્મવિશ્વાસ ખિલવણી પિતાને આભારી છે. સૌની સામે ટટ્ટાર ઊભો રહેવાની ચાવી, અડગ અને આત્મવિશ્વાસથી રહેવાનું જ્ઞાન પિતા આપે છે.

વાચા ફૂટતા વાણીનો પ્રવાહ વહે છે. પણ અક્ષરજ્ઞાન, શબ્દ સમજણ, વ્યાકરણના અટપટા નિયમોથી માહિર કરે છે શિક્ષક. આ શિક્ષણ મેળવી ઘડતરનો તબક્કો ૧૫ થી ૨૦ વર્ષ લાંબો હોય છે. ગુરુ અજાણ્યા પાનાથી પણ અવગત કરાવી દિશા સૂચન કરે છે. આ ત્રણ ગુરુ દરેક વ્યક્તિની પાછળ પોતાની શક્તિ સાર્મથ્ય વેડફીને એક જડ પથ્થરને મૂર્તિ બનાવે છે.

ત્યાર પછી જીવનમાં સંકટ સમયે યોગ્ય જ્ઞાન સલાહ, શિખામણ આપનારી વ્યક્તિ ગુરુથી કમ નથી હોતી. જીંદગીના દરેક તબક્કે કોઈની કોઈ પાસે કંઈ જ્ઞાન કંઈક સમજણ કે કોઈ સારી વાત ગ્રહણ કરી તેનું અનુકરણને અનુસરણ કરી અનોખી પ્રતિભા તરીકે આપણે ઉભરી શકીએ છીએ. જે સમયે સાચું જ્ઞાન, સમજણ ભર્યું વિચાર મળે તેનો સદ્પયોગ કરવો જોઈએ. સંકટ સમયે સાચો રસ્તો બતાવનાર વ્યક્તિ પછી એ ભલે આપણાથી મોટી હોય કે નાની એ ગુરુ તુલ્ય છે. એ સ્વીકાર કરવામાં હિચકાટ કરવો ન જોઈએ. ક્યારેક નાની ઉંમરના લોકો પણ અમુક વાર એવું કહી દેતા હોય છે જેની કલ્પના મોટા લોકો કે શિક્ષિત લોકો પણ ન કરી હોય. ગુરુનું મહત્વ તો છે પણ ખરું મહત્વ તો ગુરુ એ આપેલા જ્ઞાનનું છે. સત્યભર્યું, સમજણવાળું જ્ઞાન જીવનના અંધકારને હડસેલી દે છે. જે પોતાની જાત ઘસી આપણને ઉજળા કરે એ ગુરુ પદ પામે છે. આપણા માવતર પછી ગુરુ એવા હોય છે જે આપણે ઊંચા સ્થાને રહીએ એવા પ્રયત્નો કરે છે. આપણી પ્રગતિમાં તેઓ પોરસ મેળવે છે.

ગુરુ એ છે જે આપણને જ્ઞાન, સમજણ આપે છે. સત્ય અને પ્રકાશના પંથે દોરે છે. પછી ચાહે એ નાનો હોય મોટો હોય. એનો પદ ગુરુ તરીકેનું છે. ભગવાન દતાત્રયએ કેટલાક પ્રાણીઓ સહિત ૨૪ને ગુરુ પદે સ્થાપિત કર્યા હતા. જેમાં પૃથ્વી, જલ, વાયુ, અગ્નિ, આકાશ, સૂર્ય, ચંદ્ર, સમુદ્ર, અજગર, હોડી, પતંગિયું, માછલી, હરણ, હાથી, મધમાખી, કુમારિકા, સર્પ, બાળક, પિંગલા વેશ્યા, કબૂતર, કરોળિયું, ભમરો, કાગડો અને લોહાર. આ બધામાંથી સારો તત્વ, સારી શિક્ષા બોધ લીધો. ગુરુ વ્યક્તિના જીવન ઘડતરમાં મુખ્ય ભૂમિકા ભજવે છે અને એક શિલ્પીની જેમ ધૈર્યથી ટાંકણે, ટાંકણે જડશિલામાંથી શિલ્પ સર્જે છે. ગુ નો અર્થ થાય છે અંધકાર અને રુ નો અર્થ થાય છે પ્રકાશ. જે આપણા જીવનમાં અંધકાર દૂર કરી અજવાસ કરે એ આપણો ગુરુ.

- જય જ્ઞાતિ મૈયા

# પહેલું સુખ તે જાતે નર્યા

આજે ચારે તરફ પ્રદુષણ વધ્યું છે. રાસાયણિક ખાતરથી નિપજ થતાં ધાન્ય, શાકભાજી, ફળ-ફૂલ સત્વ ધરાવતા નથી હોતા. પોષણ આપે એવા પૌષ્ઠિક નથી હોતાં. આપણું શરીર યંત્ર જેવું છે. શરીર સારું તો મન પણ સ્વસ્થ 'અન્ન તેવો ઓડકાર' અને 'જેવું અન્ન તેવું મન'. આ ઉક્તિ આપણા ખોરાકને મન સાથે જોડે છે. ખાવા પીવાની અસર શરીર પર અને મન પર કેવી પડે છે. તેનો તાદ્દશ ખ્યાલ આપે છે.

'શરીર માધં ખલુ ધર્મ સાધનમ' અને 'પહેલું સુખ તે જાતે નર્યા' આ અનુભવ સિધ્ધ કથન છે. શારીરિક સંબધિત કોઈ તકલીફ પીડા કે કષ્ટ ન હોય એવું રોગ મુક્ત જીવન માણસનું મોટામાં મોટું સુખ છે. સુખી થવાની સૌથી મોટી ગુરુ ચાવી શરીરનું આરોગ્ય છે. ધન, કીર્તિ, યશ, પદ, પ્રતિષ્ઠા એ બધાની કિંમત તો છે જ. પણ શરીરના સ્વાસ્થ્ય સામે આ સૌ સુખ-વૈભવ ગૌણ છે. શરીર તંદુરસ્ત, સ્વસ્થ હશે તો જ આ સુખ વૈભવ આનંદ-મોજથી માણી શકીશું.

હાલની કોરોના વાયરસની પરિસ્થિતિ જોઈ એ તો ખ્યાલ આવશે કે જો આંતરિક રોગ પ્રતિકારક શક્તિ હશે તો કોરોના જેવા વાયરસથી બચી શકાશે. ધન, મિત્રો બધું જ મેળવી શકાય છે પણ ગુમાવેલી તંદુરસ્તી, શરીર સ્વાસ્થ્ય આસાનીથી મળી શકતું નથી.

મનની તાકાત, બળ-શક્તિ માટે પ્રાણાયામ, યોગ, કસરતથી વધી શકે છે તો શરીર તંદુરસ્તી, શારીરિક જોશ-બળ પૌષ્ઠિક, ગુણવતા સભર આહાર અને આયુર્વેદના ઔષધ વિગેરેથી મળી શકે છે. તંદુરસ્ત શરીરથી તંદુરસ્ત સંસાર થઈ શકે છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC0ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# કચ્છ પંથકમાં મેઘરાજાની મહેર

કચ્છ પ્રદેશના અબડાસા તાલુકાના મોટી પંચતીર્થીના પ્રાંત જખૌ, કોઠારા, તેરા, નલિયા અને સુથરી સમેત સમગ્ર ગામોમાં આ વરસે મેઘરાજાએ અઢળક વહાલ વરસાવીને ન્યાલ કરી દીધા છે.

હાલે ભારે વરસાદની હવામાન ખાતાની ત્રણ દિવસની આગાહી છે. તેને સાચી સાબિત કરતો હોય તેમ વરસાદ કચ્છમાં શનિવાર તા.૨૯ ઓગસ્ટ બપોરના બે વાગે પણ અવિરત વરસી રહ્યો છે. શુક્રવાર રાતથી વિવિધ તાલુકામાં શરૂઆત થઈ હતી. આજે શનિવારે સવારના ૬ વાગ્યા સુધી ભુજ, મુંદ્રા, માંડવી અને ભચાઉ તેમજ અંજારમાં વરસાદએ ધૂઆંધાર બેટિંગ કરી હતી. મુંદ્રામાં બે કલાકમાં પોણા ત્રણ ઈંચ વરસાદ વરસી ગયો હતો.

આપણા વિસ્તારના કચ્છ મોટી પંચતીર્થીના તેરા, નલિયા, કોઠારા તેમજ બીટ્ટા તથા આસપાસના ગામોમાં બપોરના ૧૨ થી ૨ દરમ્યાન સાર્વત્રિક રીતે ૪ ઈંચ વરસાદથી નદીઓમાં પૂર વહી નીકળ્યા હતા. અત્યારે પણ ધીમી ધારે વરસાદ વરસી રહ્યો છે.



કચ્છનો વાર્ષિક સરેરાશ વરસાદ 300 થી ૪00 મિ.મિ. એટલે કે ૧૨ થી ૧૬ ઈંચ સુધીનો છે. એની સરખામણીમાં આ વરસે ત્રણ થી ચાર ગણો વરસાદ વરસી ચૂક્યો છે. ગામેગામના તળાવ, ડેમ, ઓગનાઈ ગયા છે. જાણકારોના જણાયાં પ્રમાણે હવે જે વરસાદ પડશે તો સમગ્ર પંથકમાં લીલો દુકાળ સર્જાશે.

તા.૨૯ ઓગસ્ટ શનિવારના સવારના ૧૦ કલાક સુધીના સતાવાર દ્વારા અપાયેલા આંકડા નોંધ મુજબ અબડાસા તાલુકામાં ૭૨૦ મિ.મી. એટલે ૨૯ ઈંચ વરસાદ વરસ્યો છે.



જિલ્લામાં સૌથી વરસાદ ૬૦ ઈંચ સાથે માંડવી પ્રથમ છે. ત્યારબાદ મુંદ્રા ૫૦ ઈંચ, અંજાર ૪૬ ઈંચ, ભુજ ૪૦ ઈંચ, નખત્રાણા ૩૫ ઈંચ, ભચાઉ ૩૪ ઈંચ, ગાંધીધામ ૩૪ ઈંચ, લખપત ૨૮ ઈંચ અને રાપર ૨૭ ઈંચ વરસાદની મહેર રહી છે.

અબડાસા પંથકમાં સરેરાશ કરતાં બમણો વરસાદ વરસી ધરતીને ન્યાલ કરી દીધેલ છે.

તા.૨૯ શનિવારના સાંજે ૪ વાગ્યા સુધી એક ધારો ૮ ઈંચ વરસાદ વરસતા અબડાસા તાલુકો તરબતર થઈ પાણી પાણી થઈ ગયું છે.

નલિયાની માર્કેટમાં પાણી ભરાયા છે. વાયોર, વાંકુ અને બીટ્ટા, તેરામાં પણ રસ્તાઓ પાણીથી લથબથ લઈ ગયા છે. કોઠારા ગામના તળાવની પાળ તુટી જતાં ગામમાં પાણી ફરી વળ્યા છે. જેની વધુ વિગત આવવાની બાકી છે.

જિલ્લાના અન્ય તાલુકા મુંદ્રામાં ૪ ઈંચ, નખત્રાણામાં ૩ ઈંચ, ભુજ અને લખપતમાં ૧-૧ ઈંચ અને માંડવીમાં ૨ ઈંચ વરસાદ વરસ્યો છે.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# કચ્છમાં મેઘવર્ષાની મહેરથી તેરા ગામ તરબોળ

ચાલુ સાલે મેઘરાજાની મહેર સમગ્ર કચ્છ પર હજુ સુધી રહી છે. એક તરફ કોરોના મહામારીનો કેર છે ત્યારે સમગ્ર રાજ્યમાં મેઘ મહેરથી ઘાસચારો, પાણીની તંગી દૂર થઈ છે. પણ ખેડૂ પુત્રો જે પ્રથમ રાઉન્ડના વરસાદ બાદ વાવેતર કરેલ પાકને હવે પડતો એકધારો વરસાદ નુકસાની કરાવે એવી ભીતિ છે.



અબડાસાની મોટી પંચતીર્થીના ગામો સુથરી, જખૌ, નલિયા, કોઠારા અને તેરામાં આ સીઝનનો સારો વરસાદ પડી ચૂક્યો છે. અત્યાર સુધી તાલુકાનો સરેરાશ વરસાદ





૩૭ ઈંચ થઈ ચૂક્યું છે. સુથરીમાં શનિવારે ચાર ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. જ્યારે કોઠારામાં ૬ થી આઠ ઈંચ વરસાદની માહિતી મળી છે. અત્રેના તળાવો ચોથી વખતે ઓગનાઈ ગયા છે. જખૌમાં પણ સારો એવો વરસાદ વરસ્યો છે. જે લગભગ પાંચ ઈંચ જેટલું છે. અહીંના તળાવ બીજી વખત ઓગની વહી રહ્યાં છે. તાલુકાના મુખ્ય મથક નલિયા ગામમાં સવારથી વરસાદ ચાલુ રહેતા આજનો કુલ્લ વરસાદ આઠ ઈંચ જેટલો રહ્યો છે. નલિયાના પણ તળાવો બીજી વખત ઓગનાઈ ગયા છે અને તળાવનું પાણી ગામના રસ્તાઓ પર ફરી વળ્યું હતું.

ઐતિહાસિક ગામ તેરાની ઉપર તારણહારે હેતપૂર્વક વરસીને તરબોળ કરી દીધા છે. અહીંના પ્રખ્યાત ત્રણ તળાવો ડબલ વખત હેટ્રિક કરી સાતમી વાર ઓગનાઈ રહ્યાં છે. તેરાનો આજનો વરસાદ સવા પાંચ ઈંચ જેટલો થયો છે. તેરા ઉપરાત આસપાસના ગામો સહિત સમગ્ર અબડાસા પંથકમાં સચરાચટ વરસાદના સમાચાર મળી રહ્યાં છે. તેરા પાંજરાપોળ પાસે આવેલા અરિહંત સાગર તળાવ, રાગરાઈ તળાવ, ફાનરાઈ તળાવ, નાગરાઈ તળાવ વિગેરે વરસાદની મહેરથી આજે ઓગનાઈ ગયા છે. તો નદી, નાળામાં પાણી પૂરજોશથી વહી રહ્યો છે. નલિયા પાસેનું મીઠી ડેમ ઓગની ગયું છે. તેરા-નેત્રા તેમજ તેરા-નખત્રાણા માર્ગ વરસાદની મારથી ધોવાઈ જતાં વાહન વહેવાર માટે બંધ થઈ ગયું છે. હજુ આકાશ ગોરંભાયેલું છે અને હવામાન ખાતા દ્વારા વધુ વરસાદની આગાહી થઈ છે. અવિરત વરસાદને લીધે કિસાન સાથીઓના મુખે ચિંતાની લાગણી છે. વાવેલ પાક ધોવાઈ જવાનો ખતરો હોવાથી હવે મેઘરાજ ખમૈયા કરે તેવું ધરતીપુત્રો ઈચ્છી રહ્યાં છે.






સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની જ્ઞાતિજનો માટેની ઉતમ યોજના એટલે સંજીવની. જે આકસ્મિક મુશ્કેલીમાં સપડાતા, અણધારી બીમારીથી ગ્રસ્ત થતા જ્ઞાતિજનોને માટે હેલ્પીંગ હેન્ડ–મદદનો હાથ આપે છે. સારા ડોક્ટરોનું કન્સલ્ટીંગ મળે, સારી સારવાર મળે. જલ્દીથી સ્વસ્થ થઈ જ્ઞાતિજન સ્વઘરે પહોંચે અને ફરી પોતાની પ્રવૃત્તિઓમાં લાગી જાય એ આ યોજનાનો ઉદ્દેશ છે.

આ યોજનામાં વિવિધ કેટેગરીના પેટ્રોન બનવાય છે. વ્યક્તિ ગત કે મહાજન, મંડળ, ટ્રસ્ટ કે સંસ્થા આ પેટ્રોન કાર્ડ ધરાવી. જ્ઞાતિ હિતની ઉતમ પ્રવૃત્તિમાં પોતાનો ફૂલ પાંખડી રૂપી ફાળો આપી શકે છે.

આ યોજનાનો ભાવ–મર્મ સમજી શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન સર્વોદય મંડળ મુલુંડ એ રૂા.૫૦ હજારનો સહયોગ આપી. સંજીવની ગોલ્ડન પેટ્રોન કાર્ડ હોલ્ડર બન્યા છે. સૌનો સાથ અને સૌના હાથ મળશે તો જ જ્ઞાતિની પ્રગતિ થશે. એવો હાર્દ સ્વીકારી આ યોજનામાં સુવર્ણ પેટ્રોન હોલ્ડર થનાર શ્રી કેડીઓ જૈન સર્વોદય મંડળ મુલુંડની ભાવવંદના સહ અઢળક અનુમોદના.

# શ્રી કાચીગુડા હૈદરાબાદ અચલગચ્છ જૈન સંઘની ઉત્સવભેર ધર્મ આરાધના





કોરોના મહામારીના ડરથી ગવર્મેન્ટ એ પણ કોઈપણ ધાર્મિક કાર્યો ઓછી સંખ્યામાં કરવા અને સોશ્યલ ડિસ્ટન્સીંગનું પાલન કરવું, મોઢા ઉપર માસ્ક પહેરીને કોઈપણ કાર્ય કરી શકો મંદિરો તો બંધ જ રાખવા પણ ૫૦ લોકોની સંખ્યાથી વધુ લોકો ન થવા જોઈએ તેની ખાસ તકેદારી વચ્ચે શ્રી કાચીગુડા – હૈદ્રાબાદ અચલગચ્છ જૈન સંઘમાં મહાવીર સ્વામી પ્રભુજી જન્મ કલ્યાણક અને પર્યુષણ પર્વની ઉમંગભેર ધર્મ આરાધના કરી હતી. આ પર્યુષણ પર્વના મુખ્ય આકર્ષક ૧૪ સ્વપ્નાજી ઝૂલાવવાના, હાર પહેરાવવાના અને પધરાવવાનો રહ્યો હતો અને જેમાં નીચે પ્રમાણેના લાભાર્થી પરિવારોએ લાભ લીધેલ.

મોક્ષની બારી ખોલવાના લાભાર્થી : રીટાબેન રાજેશ બાબરીયા.

ગજરાજ ઝૂલાવવાનો-પધરાવવાના લાભાર્થી : પારસમલજી વિમલચંદજી કિશોરચંદજી નાહટા પરિવાર.

વૃષભ ઝૂલાવવાનો-પધરાવવાના લાભાર્થી : આંગી, સેજલ.

સિંહ કેસરી ઝૂલાવવાનો-પધરાવવાના લાભાર્થી : હેમંત ભવાનજી પાસડ.

લક્ષ્મીજી ઝૂલાવવાનો-પધરાવવાના લાભાર્થી : માતુશ્રી નિર્મલાબેન વસંતલાલ દેઢિયા.

ફૂલની માળા ઝૂલાવવાનો-પધરાવવાના લાભાર્થી : માતુશ્રી ફેન્સીબેન ચંપાલાલજી રામાણી.

ચંદ્રમા ઝૂલાવવાનો-પધરાવવાના લાભાર્થી : માતુશ્રી મંજુલાબેન ધનવંતરાય મહેતા.

સૂરજ ઝૂલાવવાનો-પધરાવવાના લાભાર્થી : માતુશ્રી કેસરબેન ખીમજી ગડા.

ધજા ઝૂલાવવાનો-પધરાવવાના લાભાર્થી : કુમારી સ્મેરા કલ્પેશ દોશી.

કળશ ઝૂલાવવાનો-પધરાવવાના લાભાર્થી : હાંસબાઈ રતનશી ગોસર.

પદમ સરોવર ઝૂલાવવાનો-પધરાવવાના લાભાર્થી : સુશીલાબેન મનહર ગાલા.

ક્ષીર સમુદ્ર ઝૂલાવવાનો-પધરાવવાના લાભાર્થી : લતાબેન મણિકાંત મોમાયા.

વહાણ ઝૂલાવવાનો-પધરાવવાના લાભાર્થી : ચંદ્રકાંત વલ્લભદાસ દોશી.

રત્ન રાશિ ઝૂલાવવાનો-પધરાવવાના લાભાર્થી : માતુશ્રી પાનબાઈ ખીમજી ડુંગરશી મામણિયા.

અગ્નિશિખા ઝૂલાવવાનો-પધરાવવાના લાભાર્થી : પારસમલજી વિમલચંદજી વિનોદચંદજી કિશોરચંદજી નાહટા પરિવાર.

પારણાજી : માતુશ્રી રાજબાઈ પદમશી મોતા કુવાપધ્ધર હા. ગ્રિષ્માબેન ગિરીશ મોતા.





# કેડીઓ બીટુબી ગ્રુપના સર્વે મેમ્બર્સ જોગ સૂચના

સમસ્ત મહાજન દ્વારા શરૂ કરાયેલ આંતરજ્ઞાતિના વેપારને પ્રોત્સાહન આપવા માટે બિઝનેસ ટુ બિઝનેસ ગ્રુપ ચાલુ કરવામાં આવ્યું છે તેમાં જ્ઞાતિ તરફથી હમણા બહુ જ સારો પ્રતિસાદ મળી રહેલ છે ગયા એક અઠવાડિયામાં ૫૦૦ જેટલા મેમ્બરોનો વધારો થયો છે અને વેપારમાં પણ એકબીજાની આપલે સારામાં સારી રીતે થઈ રહી છે જેમાં મુખ્યત્વે નાના ઉદ્યોગોને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આ પ્રતિસાદ જોઈને સમિતિ દ્વારા વિશેષ વેપારલક્ષી યોજનાઓ પણ જાહેર કરવામાં આવી છે જે નીચે પ્રમાણે છે.

## જ્ઞાતિમૈયામાં ફ્રી જાહેરાત

**કેડીઓ બીટુબી ગ્રુપના સર્વે મેમ્બર્સને કેડીઓ સેવા, કેડીઓ કોલ સેન્ટર તરફથી જણાવાયું છે કે જે કોઈ કે આપ જે પણ વેપાર કરતા હો તે વેપારની એક ક્વોટર સાઈઝની જાહેરાત તદ્દન મફત જ્ઞાતિમૈયા મેગેજીનમાં એક વખત આપવામાં આવશે તો તે માટે આપને 110 X 75 mm સાઈઝની જાહેરાત ડીટીપી કરીને કેડીઓ બીટુબીના પદાધિકારીને વોટ્સએપ અથવા ઈમેલથી મોકલી શકો છો જેથી આપને વહેલા તે પહેલાના ધોરણે આપની જાહેરાત જ્ઞાતિમૈયામાં છપાશે. આ યોજનાનો લાભ લો અને વેપારમાં વધારો કરો.**






# પ.પૂ.ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને પ.પૂ.ગુણવલ્લભસાગરજી મ.સા.ના દર્શન વંદનાર્થે આવતા ભક્તજનો માટે સૂચના

થાણા નગર સંઘમાં ચાતુર્માસે બિરાજમાન પ.પૂ.ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. તથા પ.પૂ.ગુણવલ્લભસાગરજી મ.સા.ના દર્શન અને વંદન હેતુથી પધારતા શ્રાવક-શ્રાવિકાઓ માટે ખાસ વિનંતી કે સવારે ૯ થી ૧૧.૩૦ તથા સાંજે ૫ થી ૬.૩૦ દરમ્યાન પધારવું. બહારથી આવનાર મહાનુભાવએ પોતાના આગમનની સૂચના ૧ દિવસ અગાઉથી આપવી.

સંઘોની સામૂહિક ચૈત્ય પરિપાટીનો આગ્રહ આ વર્ષે ન રાખવો તેમજ અત્રે આવનાર વ્યક્તિગત કે પરિવારના પાંચ સભ્યથી વધુ એક સાથે ન આવે. આવનાર સૌ માસ્ક લગાવે અને વ્યવસ્થિત અંતર જાળવી રાખે. કોઈએ પણ જણ ગુરુદેવની પાસે વાસક્ષેપ માટે આગ્રહ ન રાખે. માત્ર ગુરુદેવના દર્શન અને સાંનિધ્ય તથા સત્સંગનો સુખલાભ મેળવે. સંપર્ક : હેતુ રામભાઈ-૮૮૭૯૯૮૯૭૮૭

# શ્રી ગોરેગામ અચલગચ્છ સંઘમાં દ્વાર ઉદ્ઘાટન





ભાદરવા સુદ સાતમ તા.૨૪ ઓગસ્ટ સોમવાર દિને શ્રી ગોરેગામ અચલગચ્છ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘમાં ભાવપૂર્ણ રીતે દ્વાર ઉદ્ઘાટન થયું. સંઘના શ્રાવક શ્રાવિકાઓની ગરિમા ભરી ઉપસ્થિતમાં ધર્મ આરાધના કરાઈ હતી.

# આર્ટિસ્ટ લેખા હિરાચંદ દંડની મડ અને મિરર આર્ટવર્કની નોંધ ઈન્ડિયન બુક ઓફ રેકોર્ડમાં કરાઈ

મૂળ મંજલ હાલે કાંદિવલીની લેખા હિરાચંદ પાશ્વીર દંડએ લીંપણ કામ કરી મડ અને મિરર મટિરીઅલથી હિંદી ફિલ્મનો પોસ્ટર બનાવ્યો છે. માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપરથી બનેલ ફિલ્મની રીલીઝને ૧ વર્ષ થયું એ અવસરને ઝડપી આ પોસ્ટર સખત મહેનત અને પોતાની અદ્ભૂત કલા લગનથી સર્જ્યું છે. જેની નોંધ ઈન્ડિયન બુક ઓફ રેકોર્ડએ પોતાની વર્ષ ૨૦૨૦ રેકોર્ડ બુકમાં પાના નં ૧૭૯ ઉપર નોંધ લીધી છે.

જ્ઞાતિની ૩૯ વર્ષીય આર્ટિસ્ટ લેખા દંડ-જૈનએ આ ફિલ્મ પોસ્ટર બે સાઈઝમાં ફ્રેમ બનાવી છે. એક ૨૪ બાય ૨૪ ઈંચ અને બીજી ૩૦ ઈંચ બાય ૩૦ ઈંચ. પરિવાર અને જ્ઞાતિનું નામ રોશન કરવા બદલ લેખા હિરાચંદ પાશ્વીર જૈન દંડને અભિનંદન.



# શ્રી ક.દ.ઓ. મંડળ - ડોંબિવલી

## વિનમ્ર નિવેદન સહ અપીલ : 'કોવિડ-૧૯ રીલીફ ફંડ'

પ્રિય જ્ઞાતિજનો,

પ્રણામ ! જય જિનેન્દ્ર !!

આપણું પોતાનું ખાસ અને નજદીક એવું શ્રી ક.દ.ઓ. મંડળ - ડોંબિવલી છેલ્લા ૪૩ વર્ષોથી જ્ઞાતિજનોની અવિરત સેવામાં છે. **મંડળની દરેકે દરેક સમયસરની વિવિધ પ્રવૃત્તિઓની સેવાથી આપશ્રી સર્વે સુપરિચિત જ છો.**

હમણાંના કપરા સમયમાં પણ મંડળ પોતાની રાબેતા મુજબની સેવાઓ આપી જ રહ્યું છે. મંડળ પાસે **આપાતકાલિન / મહામારી** માટે વિશેષ યોજના કે ફંડ નથી, જે પણ યોજનાઓ છે તે મર્યાદિત ફંડ વાળી છે. આ મહામારી ને કપરા સમયમાં મંડળના પરિસરમાં વસતાં દરેક જ્ઞાતિજનોને વિશેષ સહાયની ખાસ જરૂરત હોય જ છે. મંડળ દ્વારા વિશેષ એક યોજના '**કોવિડ-૧૯ રીલીફ ફંડ**' ચાલુ કરેલ છે. કોવિડ-૧૯ પેન્ડેમિકના કારણે આપણી જ્ઞાતિના ઘણાં જ ભાઇ-બહેનો બેરોજગાર થયા છે. આ મહામારીના સમયમાં પરિવાર સંભાળવું મુશ્કેલ છે, ત્યારે મંડળ દ્વારા આશ્વાસન રૂપે મદદ કરી શકીયે એ હેતુથી દાતાશ્રીઓના દાનથી જ આ યોજના શરૂ કરવામાં આવશે. કોવિડ-૧૯ની RTPCR ટેસ્ટના રાજ્ય સરકાર માન્ય ફીની અડધી રકમ તેમજ ઘરદીઠ વડીલ (Senior Citizen)ને મેડીકલના રૂા.૭૫૦/- સુધીની સહાય દવા મારફતે આપવામાં આવે છે (મંડળના નીતિ નિયમોને આધિન).

આપણા પરિવારના દરેકે દરેક સભ્ય અથવા પરિવારદીઠ '**ફુલ નહીં તો ફુલની પાંખડી**' પણ આપણે જો મંડળને '**ભેટ કે દાન**' રૂપે આપીએ તો કપરાં સમયમાં મંડળ દ્વારા જ્ઞાતિજનોને વિશેષ સહાય કરી શકાય. યથાશક્તિ **એક નામ દીઠ** માત્ર **રૂા. ૨૫,૦૦૦/-, રૂા. ૧૧,૦૦૦/-, રૂા. ૫,૦૦૦/-** અને **રૂા.૨,૫૦૦/-** કે તેથી પણ **વધુ રકમ**ની ભેટ કે અનુદાન આપીને મંડળની આ યોજનાને સમૃદ્ધ કરી શકાય. જ્ઞાતિની દરેક **સંસ્થાઓ અને દાનવીરો** જરૂરથી વિચારજો ને **મંડળની આ વિનમ્ર નિવેદન સહ અપીલને** માન્ય કરી દાનની **ગંગા - જમના** વહેવડાવીને મંડળની આ **ટહેલની ઝોળીને છલકાવી દેશો** એવી આશા ને અપેક્ષા સહ મિચ્છામિ દુક્કડમ્ ! ભૂલચૂક ક્ષમ્ય ગણશોજી.

**બેન્ક એકાઉન્ટમાં ચેક કે રોકડા ભરી, નીચે આપેલ મોબાઇલ નંબર ઉપર બેન્ક રસીદની ફોટો કોપી વોટસએપ કરવા નમ્ર વિનંતી.**

**દાન દેનાર દાતાશ્રીના નામો જ્ઞાતિદીપમાં પ્રકાશિત કરવામાં આવશે.**

**SHRI K.D.O. MANDAL - DOMBIVALI** ના નામે ચેક લખવો

**NEFT / RTGS PAYMENT**

| BANK OF INDIA, DOMBIVLI (EAST) | SHRI ARIHANT CO.OP. BANK LTD., DOMBIVLI (EAST) |
|---|---|
| SAVING A/C No. 009510100027010 | SAVING A/C No. 006001000001 |
| IFSC Code : BKID0000095 | IFSC Code : ICIC0ARIHT |


**સંપર્ક : શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ - ડોંબિવલી વ્યવસ્થાપક સમિતિ વતી**

**પ્રમુખ** - શ્રી હેમંત રમેશ ધુલ્લા (તેરા) - ૯૯૨૦૫ ૫૬૨૭૦

**ઉપપ્રમુખ** - શ્રી ભૂપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા (ગોએરસમા) ૯૮૧૯૮ ૮૩૫૨૨

**માનદ્‌મંત્રી** - શ્રી મહેન્દ્ર મેઘજી મોતા (વારાપધર) ૯૩૨૩૧ ૮૨૬૫૩

# કચ્છ તેરાતીર્થે ભાવપૂર્વક પર્યુષણ પર્વની ધર્મ આરાધનો કરાઈ









કચ્છ પ્રદેશના અબડાસા તાલુકાના તેરા તીર્થે પ.પૂ. સાધ્વીશ્રી કોમલગીરા શ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં પર્યુષણ પર્વની ભાવપૂર્વક વિવિધ ધર્મ આરાધનો કરાઈ. સંઘના શ્રાવક-શ્રાવિકો ઉત્સાહપૂર્વક ધર્મ લાભ લીધો હતો.



# ધન્ય તમારી તપસ્યા સ્વીકારો અમારી અનુમોદના

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

## સંવત વર્ષ ૨૦૭૬ના પર્યુષણ પર્વ દરમ્યાનના તપસ્વીઓની યાદી

| | | |
|---|---|---|
| **30 Upvas** | **૩૦ ઉપવાસ (માસક્ષમણ)** | |
| Geetaben Laherchand Lodaya | ગીતાબેન લહેરચંદ લોડાયા | બાંઢીયા-ભાંડુપ |
| Laherchand Damji Lodaya | લહેરચંદ દામજી લોડાયા | બાંઢીયા-ભાંડુપ |
| **21 Upvas** | **૨૧ ઉપવાસ** | |
| Kundan Naresh Khona | કુંદન નરેશ ખોના | સુથરી-મસ્જિદ બંદર |
| **16 Upvas** | **૧૬ ઉપવાસ** | |
| Pratik Jayesh Khona | પ્રતિક જયેશ ખોના | સાંયરા-કલ્યાણ |
| **11 Upvas With Akshaynidhi** | **૧૧ ઉપવાસ અક્ષય નિધિ સાથે** | |
| Krisha Hitesh Lodaya | ક્રિષા હિતેશ લોડાયા | દલતુંગી-મુલુંડ |
| **9 Upvas** | **૯ ઉપવાસ** | |
| Amisha Hitesh Chheda | અમીષા હિતેશ છેડા | વારાપધર-મસ્જિદ બંદર |
| Jugal Manilal Mota | જુગલ મણીલાલ મોતા | તેરા-ડોમ્બીવલી |
| Litesh Motichand Momaya | લિતેશ મોતીચંદ મોમાયા | મોટી સિંધોડી-ડોમ્બીવલી |
| Payal Hemant Vikamshi | પાયલ હેમંત વિકમશી | સુથરી-ડોમ્બીવલી |
| Smit Jaichand Lodaya | સ્મિત જયચંદ લોડાયા | કોઠારા-મસ્જિદ બંદર |
| Trupti Varun Dand | તૃપ્તિ વરૂણ દંડ | લાલા-કાંદિવલી |
| Valji Lalji Dharamshi (Shah) | વાલજી લાલજી ધરમશી (શાહ) | સુથરી-મુલુંડ |
| **9 Upvas Sadang 5 Mi Varshitap Sathe** | **૯ ઉપવાસ સળંગ ૫ મી વર્ષીતપ સાથે** | |
| Bharati Gautam Dand | ભારતી ગૌતમ દંડ | વરાડિયા-મુલુંડ |
| **8 Upvas 64 Pori Pausad Ma** | **૮ ઉપવાસ ૬૪ પોરી પંસદમાં** | |
| Chhaya Manish Dagha | છાયા મનીષ ડાઘા | વરાડિયા-મુલુંડ |
| Lesha Manish Dagha | લેશા મનીષ ડાઘા | વરાડિયા-મુલુંડ |
| **8 Upvas Choviyara** | **૮ ઉપવાસ ચોવિહારા** | |
| Deeptan Premchand Lodaya | દિપ્તન પ્રેમચંદ લોડાયા | મોટી સિંધોડી-ભાંડુપ |
| Nayan Laherchand Mepani | નયન લહેરચંદ મેપાણી | પરજાઉ-મુલુંડ |
| Sneha Gulabchand Nagda | સ્નેહા ગુલાબચંદ નાગડા | રંગપુર-મુલુંડ |
| **8 Upvas Choviyara Maunvrat Sathe** | **૮ ઉપવાસ ચોવિહારા મૌન સાથે** | |
| Tarla Nilesh (Shah) Dharamshi | તરલા નીલેશ ધરમશી | ગોરખડી-ડોમ્બીવલી |

# ધન્ય તમારી તપસ્યા સ્વીકારો અમારી અનુમોદના

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

## સંવત વર્ષ ૨૦૭૬ના પર્યુષણ પર્વ દરમ્યાનના તપસ્વીઓની યાદી

| | | |
|---|---|---|
| **8 Upvas Maun** | **૮ ઉપવાસ મૌન** | |
| Tejas Mahendra Khona | તેજસ મહેન્દ્ર ખોના | જખૌ-ભાંડુપ |
| **8 Upvas** | **૮ ઉપવાસ (અઠ્ઠાઈ)** | |
| Aaditya Abhay Poladiya | આદિત્ય અભય પોલડીયા | બાયઠ-બડગરા |
| Aashna Mitesh Lalka | આશના મિતેશ લાલકા | બાંઢીયા-મુલુંડ |
| Abhishek Paras Dharamshi | અભિષેક પારસ ધરમશી | કોઠારા-હૈદરાબાદ |
| Akshat Ajay Mota | અક્ષત અજય મોતા | નલિયા-ડોમ્બીવલી |
| Alpa Kalpesh Momaya | અલ્પા કલ્પેશ મોમાયા | વરાડિયા-મસ્જિદ બંદર |
| Anand Nayan Nagda | આનંદ નયન નાગડા | તેરા-ખામગામ |
| Archana Bipin Momaya | અર્ચના બિપીન મોમાયા | જખૌ-ડોમ્બીવલી |
| Bhavesh Damji Lodaya | ભાવેશ દામજી લોડાયા | બાંઢીયા-ભાંડુપ |
| Bhavesh Meghji Soni | ભાવેશ મેઘજી સોની | સુથરી-ભાંડુપ |
| Bhavesh Vijay Nagda | ભાવેશ  વિજય નાગડા | જખૌ-ભાંડુપ |
| Bhavin Dilipkumar Lodaya | ભાવિન દિલીપકુમાર લોડાયા | વારાપધર-ડોમ્બીવલી |
| Bhavin Laherchand Lodaya | ભાવિન લહેરચંદ લોડાયા | બાંઢીયા-ભાંડુપ |
| Binal Ritesh Shiyad | બીનલ રીતેશ શિયાળ | દલતુંગી-જામનગર |
| Chhaya Pradip Lodaya | છાયા પ્રદીપ લોડાયા | સાંધવ-ડોમ્બીવલી |
| Chirag Vijay Momaya | ચિરાગ વિજય મોમાયા | જખૌ-મસ્જિદ બંદર |
| Dakshita Sahil Lodaya | દક્ષીતા સાહિલ લોડાયા | મોટી ખાવડી-ડોમ્બીવલી |
| Deep Atul Momaya | દીપ અતુલ મોમાયા | ડુમરા-ઘાટકોપર |
| Denish Naresh Lodaya | ડેનીશ નરેશ લોડાયા | સુથરી-ઘાટકોપર |
| Dhaval Dilip Lapasiya | ધવલ દિલીપ લાપસિયા | દલતુંગી-મુલુંડ |
| Dhaval Shah (Lodaya) | ધવલ શાહ (લોડાયા) | ગદગ |
| Dhiraj Ajay Dand | ધીરજ અજય દંડ | તેરા-પુણે |
| Dimple Manoj Lodaya | ડીમ્પલ મનોજ લોડાયા | બાંઢીયા-ભાંડુપ |
| Dinesh Hirji Lodaya | દિનેશ હીરજી લોડાયા | રાપર ગઢવારી-ડોમ્બીવલી |
| Divya Bharat Maisheri | દિવ્યા ભરત મોમાયા | મોટી સિંધોડી-ડોમ્બીવલી |
| Diya Viraj Momaya | દિયા વિરાજ મોમાયા | જખૌ-ડોમ્બીવલી |
| Ekta Mayur Dand | એકતા મયુર દંડ | સાંધવ-ભાંડુપ |
| Falguni Prakash Maisheri | ફાલ્ગુની પ્રકાશ મૈશેરી | જખૌ-મુલુંડ |
| Foram Mahesh Daulat | ફોરમ મહેશ દૌલત | દલતુંગી-ડોમ્બીવલી |
| Gaurangi Kamlesh Jain (Lodaya) | ગૌરંગી કમલેશ જૈન (લોડાયા) | જખૌ-સાન્તાક્રુઝ |
| Gautam Velji Dagha | ગૌતમ વેલજી ડાઘા | વરાડિયા-મુલુંડ |
| Grishma Harshad Dand | ગ્રીષ્મા હર્ષદ દંડ | સુથરી-મુલુંડ |
| Hardik Mulchand Maisheri | હાર્દિક મુલચંદ મૈશેરી | મોટી સિંધોડી-ડોમ્બીવલી |
| Harsh Nikhil Khona | હર્ષ નિખિલ ખોના | નલિયા-માટુંગા |
| Harsh Ratilal Nagda | હર્ષ રતિલાલ નાગડા | કોઠારા-ડોમ્બીવલી |
| Harsha Dhanesh Shah | હર્ષા ધનેશ શાહ | સાંધાણ-વિરાર |
| Harshal Harish Nagda | હર્ષલ હરીશ નાગડા | નલિયા-થાણે |
| Hasmukh Valji Gala | હસમુખ વાલજી ગાલા | કોટડી-મુલુંડ |
| Heet Ashok Dagha | હિત અશોક ડાઘા | વરાડિયા-વાશી |

# ધન્ય તમારી તપસ્યા સ્વીકારો અમારી અનુમોદના

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

## સંવત વર્ષ ૨૦૭૬ના પર્યુષણ પર્વ દરમ્યાનના તપસ્વીઓની યાદી

| 8 Upvas | ૮ ઉપવાસ (અઠ્ઠાઈ) | |
|---|---|---|
| Hemangi Vipin Khona | હેમાંગી વિપીન ખોના | સુથરી-મુલુંડ |
| Hemant M Shah (Lodaya) | હેમંત એમ શાહ (લોડાયા) | વરાડિયા-કેનેડા |
| Himanshu Dhiresh Munvar | હિમાંશુ ધીરેશ મુનવર | જખૌ-મસ્જિદ બંદર |
| Hina Hemant Shah (Lodaya) | હીના હેમંત શાહ (લોડાયા) | વરાડિયા-કેનેડા |
| Hirachand Keshavji Peer | હીરાચંદ કેશવજી પીર | બાયઠ-ભાંડુપ |
| Hiren Pratap Lodaya | હિરેન પ્રતાપ લોડાયા | સાંયરા-ખામગામ |
| Hrithik Harish Nagda | હ્રીતિક હરીશ નાગડા | નલિયા-દાવનગીરી |
| Jaichand Hirji Lodaya | જયચંદ હીરજી લોડાયા | કોઠારા-મસ્જિદ બંદર |
| Jayesh Praful Nagda | જયેશ પ્રફુલ નાગડા | નલિયા-મસ્જિદ બંદર |
| Jayshree Javerchand Khona | જયશ્રી જવેરચંદ ખોના | સાંધવ-ડોમ્બીવલી |
| Jigar Rajesh Lodaya | જીગર રાજેશ લોડાયા | મોટી ખાવડી-મુલુંડ |
| Jignesh Narendra Nagda | જીગ્નેશ નરેન્દ્ર નાગડા | રંગપુર-મુલુંડ |
| Jimmit Paresh Dand | જીમ્મિત પરેશ દંડ | સુથરી-ઘાટકોપર |
| Kamini Ajay Mota | કામિની અજય મોતા | નલિયા-ડોમ્બીવલી |
| Kavisha Dharmesh Khona | કવીશા ધર્મેશ ખોના | વરાડિયા-ડોમ્બીવલી |
| Khant Jayesh Lodaya | ખંત જયેશ લોડાયા | વારાપધર-ડોમ્બીવલી |
| Kinjal Ajay Khona | કીંજલ અજય ખોના | રંગપુર-મલાડ |
| Kinjal Bhavin Lodaya | કીંજલ ભાવિન લોડાયા | બાંઢીયા-ભાંડુપ |
| Kiran Naranji Momaya | કિરણ નારાણજી મોમાયા | સુથરી-ભાંડુપ |
| Komal Bharat Vikamshi | કોમલ ભરત વિકમશી | વારાપધર-ડોમ્બીવલી |
| Krisha Kamlesh Maisheri | ક્રિષા કમલેશ મૈશેરી | કુઆપધર-ભાંડુપ |
| Lisa Vipin Khona | લીસા વિપીન ખોના | સુથરી-મુલુંડ |
| Maltiben Dilip Lodaya | માલતીબેન દિલીપ લોડાયા | બાંઢીયા-કાંજુરમાર્ગ |
| Manali Rajesh Shah (Dharamshi) | મનાલી રાજેશ ધરમશી | ગોરખડી-ડોમ્બીવલી |
| Manisha Mitesh Lalka | મનીષા મિતેશ લાલકા | બાંઢીયા-મુલુંડ |
| Manjulaben Navinchand Poladia | મંજુલાબેન નવીનચંદ પોલડિયા | ડુમરા-ડોમ્બીવલી |
| Mansi Dilip Lapasiya | માનસી દિલીપ લોડાયા | દલતુંગી-મુલુંડ |
| Mayank Hiren Dharamshi | મયંક હિરેન ધરમશી | ગોરખડી-મુલુંડ |
| Meena Dilip Lodaya | મીના દિલીપ લોડાયા | નાની ખાવડી-થાણે |
| Meena Dinesh Lapasiya | મીના દિનેશ લાપસિયા | દલતુંગી-ડોમ્બીવલી |
| Minakshi Mulchand Soni | મીનાક્ષી મુલચંદ સોની | જખૌ-ડોમ્બીવલી |
| Mita Chirag Thakarshi Dharamshi | મીતા ચિરાગ ધરમશી | રંગપુર-બોરીવલી |
| Mitesh Laxmichand Dand | મિતેશ લક્ષ્મીચંદ દંડ | સાંધવ-ભાંડુપ |
| Mohit Harin Chheda | મોહિત હરિન છેડા | જસાપર-આદિપુર |
| Mohita Jatin Patel | મોહિતા જતીન પટેલ | બાંઢીયા-ડોમ્બીવલી |
| Monesh Chandrakant Vershi Lodaya | મોનેશ ચંદ્રકાંત લોડાયા | મોટી ખાવડી-મુલુંડ |
| Monikaben Mahendra Lodaya | મોનીકાબેન મહેન્દ્ર લોડાયા | દલતુંગી-ડોમ્બીવલી |
| Mukti Paresh Maisheri | મુક્તિ પરેશ મૈશેરી | જખૌ-ભાંડુપ |
| Namrata Ajay Khona | નમ્રતા અજય ખોના | રંગપુર-મલાડ |
| Naresh Manilal Lodaya | નરેશ મણીલાલ લોડાયા | સુથરી-ઘાટકોપર |

# ધન્ય તમારી તપસ્યા સ્વીકારો અમારી અનુમોદના

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

## સંવત વર્ષ ૨૦૭૬ના પર્યુષણ પર્વ દરમ્યાનના તપસ્વીઓની યાદી

| 8 Upvas | ૮ ઉપવાસ (અઠ્ઠાઈ) | |
|---|---|---|
| Nayan Chheda | નયન છેડા | સુજાપુર-રાયપુર |
| Nayan Murji Maisheri | નયન મુરજી મૈશેરી | મોટી સિંધોડી-ભાંડુપ |
| Neelam Rajesh Chheda | નીલમ રાજેશ છેડા | વારાપધર-મુલુંડ |
| Neetaben Chetan Lodaya | નીતાબેન ચેતન લોડાયા | વારાપધર-ભાંડુપ |
| Neha Himatlal Khona | નેહા હિમતલાલ ખોના | રંગપુર-ભાંડુપ |
| Nirali Hardik Lodaya | નિરાલી હાર્દિક લોડાયા | મોટી ખાવડી-મુલુંડ |
| Nutan Bhavesh Maisheri | નૂતન ભાવેશ મૈશેરી | મોટી સિંધોડી-ડોમ્બીવલી |
| Padam Lalji Lodaya | પદમ લાલજી લોડાયા | વરાડિયા-ડોમ્બીવલી |
| Palak Vijay Lapasia | પલક વિજય લાપસિયા | દલતુંગી-સાન્તાક્રુઝ |
| Panktee Jatin Dand | પંક્તિ જતીન દંડ | ભરૂડિયા-મુલુંડ |
| Parag Devendra Momaya | પરાગ દેવેન્દ્ર મોમાયા | સાંયરા-ડોમ્બીવલી |
| Parisha Shailesh Lodaya | પરીશા શૈલેશ લોડાયા | મોટી ખાવડી-ડોમ્બીવલી |
| Parth Bhavesh Soni | પાર્થ ભાવેશ સોની | સુથરી-ભાંડુપ |
| Prachi Mayur Dand | પ્રાચી મયુર દંડ | સાંધવ-ભાંડુપ |
| Premila Kantilal Nagda | પ્રેમિલા કાંતિલાલ નાગડા | તેરા-ગાંધીધામ |
| Pritesh Ramesh Dand | પ્રીતેશ રમેશ દંડ | ભરૂડિયા-મુલુંડ |
| Priti Niren Lodaya | પ્રીતિ નિરેન લોડાયા | સાંયરા-કાંજુરમાર્ગ |
| Ramilaben Mohanlal Soni | રમીલાબેન મોહનલાલસોની | નલિયા-ભાંડુપ |
| Rinku Hitesh Lapasiya | રીન્કુ હિતેશ લાપસિયા | દલતુંગી-મુલુંડ |
| Ritik Jatin Patel | રીતીક જતીન પટેલ | બાંઢીયા-ડોમ્બીવલી |
| Riyansh Chetan Dand | રીયાંશ ચેતન દંડ | લાલા-માટુંગા |
| Roshni Bhupendra Vikamshi | રોશની ભુપેન્દ્ર વિકમશી | વારાપધર-વારાપધર |
| Ruchi Dhaval Dharamshi | રૂચી ધવલ ધરમશી | મંજલ-મસ્જિદ બંદર |
| Shital Shantilal Nagda | શીતલ શાંતિલાલ નાગડા | નલિયા-છાનેરા, હર્સુદ |
| Shubham Mahendra Lapasia | શુભમ મહેન્દ્ર લાપસિયા | દલતુંગી-ડોમ્બીવલી |
| Siddhant Chetan Lodaya | સિદ્ધાંત ચેતન લોડાયા | વારાપધર-ભાંડુપ |
| Siddhi Pankaj Dand | સિધ્ધિ પંકજ દંડ | ભરૂડિયા-મુલુંડ |
| Smit Jaichand Lodaya | સ્મિત જયચંદ લોડાયા | કોઠારા-મસ્જિદ બંદર |
| Swatiben Bhavesh Lodaya | સ્વાતિબેન ભાવેશ લોડાયા | બાંઢીયા-ભાંડુપ |
| Tejal Anil Maisheri | તેજલ અનીલ મૈશેરી | નલિયા-મસ્જિદ બંદર |
| Tina Manoj Shiyal | ટીના મનોજ શિયાલ | દલતુંગી-ડોમ્બીવલી |
| Utkarsh Ashok Lodaya | ઉત્કર્ષ અશોક લોડાયા | ધ્રાફા-ન્યુ જર્સી |
| Vidhi Manilal Momaya | વિધિ મણીલાલ મોમાયા | વરાડિયા-મુલુંડ |
| Vijaykumar Umarshibhai Vora | વિજયકુમાર ઉમરશી વોરા | રંગપુર-જામનગર |
| Vishal Govindji Maisheri | વિશાલ ગોવિંદજી મૈશેરી | લાલા-ડોમ્બીવલી |
| Vriddhi Gulab Patel | વ્રીદ્ધી ગુલાબ પટેલ | તેરા-ઘાટકોપર |
| Yash Dharmesh Lodaya | યશ ધર્મેશ લોડાયા | નાની ખાવડી-ડોમ્બીવલી |
| Yash Naresh Maisheri | યશ નરેશ મૈશેરી | મોટી સિંધોડી-થાણે |
| Zalak Manoj Dagha | ઝલક મનોજ ડાઘા | દલતુંગી-ગોરેગાવ |

# પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભ સાગરસૂરિશ્વરજી મ.સા.ને અચલગચ્છ નાયકનું પદ અર્પણ કરાયું એને ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનનો આવકાર



શ્રી અખિલ ભારત વિધિપક્ષ અચલગચ્છ જૈન શ્વેતામ્બર સંઘ દ્વારા શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની દિવ્યકૃપાથી તેમના પટ્ટાલંકાર અને તપચક્રવર્તી શાસન શિરોમણિ અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના અનુગામી તરીકે સાહિત્ય સમ્રાટ રાજસ્થાન દક્ષિણ દિપક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ને 'અચલગચ્છ નાયક'નું પદ અર્પણ કરવામાં આવ્યું એ ઐતિહાસિક ઘટનાને શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ, શ્રી અનંતનાથ મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડો, શ્રી ક.દ.ઓ.જૈન સંઘ, ભાંડુપ, શ્રી ક.દ. ઓ.મસ્જિદ બંદર જૈન સંઘ, શ્રી ક.દ.ઓ.જી.વી.સી.જૈન સંઘ, ઘાટકોપર અને શ્રી ક.દ.ઓ.જૈન સંઘ, કાંજુરમાર્ગ હૃદયપૂર્વક આવકારે છે.

આ પદને અચલગચ્છના તમામ ઘટકોએ સ્વીકારી અચલગચ્છની ગરિમા, સંગઠન અને એકતાને નવું પરિણામ બક્ષ્યું છે.

અસીમ કૃપા વરસાવી, ચોમેર અચલગચ્છ જૈન ધર્મ પ્રભાવના કરજો દાન, શીલ, ભાવ નવયુગ સાથે તપ જપની વિશિષ્ટ સાધના કરાવજો. અહિંસા, અનેકાંત અને અપરિગ્રહ પ્રભુ મહાવીરની આજ્ઞાની કરજો દેશના, આપનું શરીર રહે સ્વસ્થને દીર્ઘ આયુષ્ય મળે એ જ ભાવના સાથે તમ ચરણે અમારી વંદના એ ભાવ વિચાર જ્ઞાતિ મહાજન અને વિવિધ સંઘ દ્વારા વ્યક્ત કરાયા છે.

## ધન્ય તમારી તપશ્ચર્યા, સ્વીકારો અમારી અનુમોદના





**ભાણજી રતનશી ડાઘા**

ઉ.વ. ૭૫ વરાડિયા થાણા

૧ - ૧૭ ઉપવાસ

૧ - ૧૩ ઉપવાસ

૩ - ૧૧ ઉપવાસ

૬ - ૧૦ ઉપવાસ

૧૨ - ૯ ઉપવાસ

૧ - ૮ ઉપવાસ

૧૯૯૦ થી ૨૦૧૪ સુધી સળંગ આ તપ કરેલ છે.





**ચેતનાબેન મહેન્દ્ર કેશવજી મોતા**

ઉ.વ. ૫૬

કોઠારા

મુલુંડ તાંબેનગર

૨૫ - અઠ્ઠાઈ

૧ - ૯ ઉપવાસ

૧ - ૧૬ ઉપવાસ

છઠ-અઠ્ઠમ આદિ અનેક નાની મોટી તપસ્યા કરેલ છે.

## રવિવારીય શ્રીગુણોદય નવકાર જાપ અભિયાનમાં જોડાવો

શ્રીગુણ ગુણોદય કલાપ્રભ-કવીન્દ્ર-વીરભદ્ર મહોદય સાગરસૂરિભ્યો નમઃ સાથે જણાવવાનું કે રવિવારીય શ્રી ગુણોદય નવકાર જાપ અભિયાનમાં તમારા ઘરના જેટલા સભ્યો હોય અને જે પણ વોટ્સઅપમાં જોડાઈ ન શકે તે બધાની સંખ્યા તમે એમાં લખી શકો છો. કેટલા સભ્યો ૯ નવકાર ગણશે તે ફોર્મમાં ભરવાનું છે. ફોર્મ ભરીને સબમિટ કરવાની લીંક છે https://forms.gle/ktHSmBidDB4pEg618 - આ ફોર્મ ભરીને બધા સબમિટ કરજો અને ચિર પરિચિતજનોને આગળ ફોરવર્ડ કરજો. સંપર્ક સૂત્ર રાજવીબેન શાહ-૯૯૨૫૬૯૨૯૯૬, રમેશ લોડાયા-૯૮૯૨૦૦૩૯૪૦

## જીવન ઘટમાળ

**• જ્ઞાતિ સગપણ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૦૮.૨૦૨૦ | અહમદાબાદ | કેવલ સંદીપ તારાચંદ મોતા | સુથરી | ૨૭ |
| | ખંડવા | મિનાલી અનીલ ધનજી સાયલા (જૈન) | લુણી | ૨૬ |
| ૨૭.૦૮.૨૦૨૦ | ઘાટકોપર | લીન્કેશ ઉલ્લાસ લક્ષ્મીચંદ મોમાયા | મોટી સિંધોડી | ૩૦ |
| | મુલુંડ | હિરલ ગુલાબ ડુંગરશી ધરમશી | સાંધાણ | ૨૫ |
| ૨૭.૦૮.૨૦૨૦ | ડોમ્બીવલી | જીગર નીતિન ઉમરશી ધરમશી | સુથરી | ૨૫ |
| | ડોમ્બીવલી | શ્રદ્ધા રાજેન્દ્ર રાયચંદ લોડાયા | નાની ખાવડી | ૨૬ |

**• આંતરજ્ઞાતિ સગપણ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫.૦૮.૨૦૨૦ | ડોમ્બીવલી | પારસ સુનીલ માણેકજી લોડાયા | મોટી ખાવડી | ૨૨ |
| | ડોમ્બીવલી | ફોરમ આશિષ અનંતભાઈ શાહ | બોટાદ | ૨૨ |
| ૨૭.૦૮.૨૦૨૦ | મુલુંડ | અવી પંકજ જેઠાભાઈ નરશી લોડાયા | જખૌ | ૨૫ |
| | ચિત્રાસની | સાચી પીયુષ કીર્તિલાલ મણીલાલ સોમાની | બોરીવલી | ૨૫ |

**• જ્ઞાતિ સગપણ છુટા •**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫.૦૮.૨૦૨૦ | ડોમ્બીવલી | સચિન રમેશ હંસરાજ નાગડા | રંગપુર | ૨૭ |
| | ડોમ્બીવલી | જીનલ અશોક લાલજી લોડાયા | દલતુંગી | ૨૫ |

**• છુટા છેડા •**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨.૦૭.૨૦૨૦ | ભાંડુપ | અજય અમિત ખોના | નલિયા | ૨૮ |
| | વડોદરા | મેઘા હેમંત લોડાયા | નલિયા | ૨૮ |

# ભાવભીની શ્રદ્ધાંજલિ



રવિવાર, તા.૨૩ ઓગસ્ટ
જયાબેન પાસુભાઈ લોડાયા
(ઉ.૮૭ વર્ષ)
નાની ખાવડી, માટુંગા



શનિવાર, તા.૨૨ ઓગસ્ટ
કિરણ જીવરાજ મોમાયા
(ઉ.૬૭ વર્ષ)
તેરા, મસ્જીદ



સોમવાર, તા.૨૪ ઓગસ્ટ
લહેરચંદ વેલજી ધરમશી
(ઉ.૭૬ વર્ષ)
સુથરી, સુથરી



શનિવાર, તા.૨૯ ઓગસ્ટ
કસ્તુરીબાઈ શરદચંદ્ર લાપસીયા
(ઉ.૮૩ વર્ષ)
દલતુંગી, મુલુંડ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે**

**પરમ પ્રભુ પરમાત્મા સદ્‌ગતની આત્માને ચિરશાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના**

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)

Plan the present, secure the future.

**Get a Family Insurance!**



insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**

KDO

Gyatimaiya
Weekly E-magazine

KDO